
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯ | ૧૦ એપ્રિલ, ૨૦૧૭, સોમવાર ; ચૈત્ર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### સિરિયાના હુમલામા ટ્રમ્પે ૪ મિનિટમાં ૬૦૦ કરોડ ખર્ચ્યા



શુક્રવારે યુએસ નેવીએ બે યુધ્ધ જહાજોથી ૪ મિનિટમાં ૫૯ ટોમ હોક મિસાઈલથી સાયરત એરબેઝ પર હુમલો કર્યો હતો. મીસાઈલની કુલ કિંમત ૯૪ મીલીયન ડોલર એટલે કે ૬૦૦ કરોડ રૂપિયા આ હુમલામાં ખર્ચાયા હતા.

### ૮૫ ટકા યુવાનો અલ્ઝાઈમર બીમારીથી અજાણ



યુવાનોમાં અલ્ઝાઈમર અને ડિમેનેસીયાની જાણકારીનું સ્તર જાણવા કરાયેલ સર્વેમાં ૮૫ ટકા યુવાનો અલ્ઝાઈમરની સમસ્યાથી અજાણ છે અને ૯૧ ટકા યુવાનો ભૂલવાની બિમારીને સમસ્યા માનતા નથી. ભારત વિશ્વમાં આ સમસ્યામાં ત્રીજા સ્થાને છે.

### દરેક ફેન સાથે તસવીર ખેંચાવવી મુશ્કેલ : રજનીકાંત



સુપરસ્ટાર રજનીકાંતે ફેન્સ માટે પોતાની મિટીંગ કેન્સલ કરી દીધી હતી કારણ કે તેમણે અનુભવ્યું કે દરેક ફેન સાથે તસ્વીર પડાવવી ખૂબ જ મુશ્કેલ છે. રજનીકાંત ૧૨ અને ૧૬ એપ્રિલ વચ્ચે તેમના ફેન્સને મળવાના હતા.

### દરેક સેન્ટ્રલ યુનિ.માં ફ્રી વાઈ-ફાઈ

માનવ સંશાધન વિકાસ



મંત્રાલયે જાહેરાત કરી છે કે જુલાઈ મહિના સુધીમાં દેશની તમામ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ફ્રી વાઈ-ફાઈની સુવિધા આપવામાં આવશે. સુરતની વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં ઘણા સમયથી વાઈ-ફાઈની સુવિધા આપવામાં આવે છે.

### અર્જુન રામપાલે કરી હોટલમાં મારપીટ

અર્જુન રામપાલ પર દિલ્હીની



ફાઈવસ્ટાર હોટલમાં શોભિત નામના યુવક સાથે મારપીટ કરવાનો આરોપ લાગ્યો છે. દિલ્હીની એક ફાઈવસ્ટાર હોટલમાં અર્જુન રામપાલ ડીજે પ્લે કરી રહ્યો હતો ત્યારે એક ફોટો જર્નાલીસ્ટે તેનો ફોટો લેતા વિવાદ વકર્યો હતો જેમાં શોભિતને વાગ્યું હતું.

### કાઉન્સિલ બેઠકમાં યોગી દ્વારા ફંડની માંગણી કરાઈ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે આંતરરાજ્ય પરિષદની ૧૧મી બેઠકમાં હાજરી આપી હતી. યોગી આદિત્યનાથે કહ્યું કે, રાજ્યના વિકાસ માટે વધુ ફંડની જરૂર છે. યોગીએ પૂર્વાંચલ અને બુંદેલખંડ માટે વધુ રકમની કેન્દ્ર સમક્ષ માંગણી કરી છે.

# શ્રીનગરમાં વધુ એક વખત હિંસા

## દેખાવકારો અને સુરક્ષા દળો વચ્ચે સંઘર્ષ : પાંચના મોત, ૪૦ ઘાયલ : બડગામમાં મતદાન કેન્દ્ર પર હુમલો કરનાર ટોળાને વિખેરી નાંખવા કરાયેલા ગોળીબાર બાદ પરિસ્થિતિ વણસી : શ્રીનગર પેટાચૂંટણીમાં માત્ર ૬.૫ ટકા જ મતદાન

શ્રીનગર, તા. ૯

શ્રીનગર સંસદીય વિસ્તારમાં આજે લોકસભા પેટાચૂંટણી માટે મતદાન યોજાયું હતું. આ સમયે બડગામ જિલ્લામાં મતદાન કેન્દ્ર ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરોને વિખેરી નાંખવા માટે સુરક્ષા દળો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગોળીબાર બાદ પ્રદર્શનકારીઓ દ્વારા પોલિંગ બુથ ઉપર પેટ્રોલ બોંબ ફેંકવામાં આવતા સુરક્ષા દળોના જવાનો દ્વારા જવાબી કાર્યવાહી કરવામાં આવતા પાંચ લોકોના મોત થયા છે જ્યારે ૪૦ લોકો ઘાયલ થવા પામ્યા છે. આ





ઘટના એ સમયે બની કે જ્યારે બડગામ જિલ્લાના ચરારએ શરીફ પાસે પાખરપુરામાં ઘણી મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓએ એક મતદાન કેન્દ્ર ઉપર હુમલો કર્યો અને આ કેન્દ્રના મકાનમાં વ્યાપક પ્રમાણમાં તોડફોડ કરી. શરૂઆતમાં સુરક્ષા દળોના જવાનો દ્વારા ટોળાને વિખેરી નાંખવા માટે હવામાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. આમ છતાં દેખાવકારો ઉપર તેની કોઈ અસર ન થતાં સુરક્ષા દળોએ ગોળીબાર કરતા પાંચ લોકોના મોત થયા છે. જે પૈકી બે મૃતકોની

● અનુસંધાન પાન-૭ પર

## મધ્યપ્રદેશમાં પેટાચૂંટણી દરમિયાન પણ હિંસા

### કોંગી ઉમેદવારની કારમાં તોડફોડ કરાઈ : કોંગ્રેસ તરફથી બુથ કેપ્ચરિંગ સહિતના અધિકારીઓને લઇ ચૂંટણી આયોગ સમક્ષ ફરિયાદ કરવામાં આવશે





નવી દિલ્હી, તા. ૯

લોકસભાની ખાલી પડેલી બેઠકો માટે આજે અલગ અલગ રાજ્યોમાં પેટાચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન અનેક સ્થળોએ હિંસાના બનાવો બન્યા હોવાનું ધ્યાનમાં આવ્યું છે તેમાં મધ્યપ્રદેશમાં પણ ટોળા દ્વારા કોંગ્રેસના ઉમેદવારની કારને તોડફોડ કરવાની સાથે મારપીટ પણ કરવામાં આવી હોવાનું વિગતો બહાર આવવા પામી છે. આ અંગે મળતા અહેવાલો મુજબ મધ્યપ્રદેશમાં કોંગ્રેસના ઉમેદવાર સાથે કરવામાં આવેલા વ્યવહારનો આરોપ ભાજપના સમર્થકો ઉપર લગાવવામાં આવ્યો છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અરુણ યાદવે આરોપ લગાવતા કહ્યું છે કે, શનિવારે રાત્રે લગભગ ૩૫ જેટલા પોલિંગ

● અનુસંધાન પાન-૭ પર

## રાજધાની એક્સપ્રેસમાં લૂંટ

### ૩ ઇજાગ્રસ્ત : આરપીએફ ઇન્સ્પેક્ટર સસ્પેન્ડ

નવીદિલ્હી, તા. ૯

દેશની સૌથી મહત્વની એવી રાજધાની એક્સપ્રેસમાં બિહારના બક્સર નજીક યાત્રીઓને લૂંટી લેવાનો બનાવ સામે આવ્યો છે. રાજધાની એક્સપ્રેસમાં સવાર મુસાફરોને લૂંટારુઓ દ્વારા સેકન્ડ એસી, થર્ડ એસીની બોગીઓને નિશાન બનાવી તેમની પાસે રહેલા લાખો રૂપિયાના સામાનની લૂંટ ચલાવી માર મારવામાં આવ્યા બાદ પીડીતો પોલીસ પાસે પહોંચતા પોલીસે આ મામલે કાર્યવાહી શરૂ કરી છે. મળતી વિગતો અનુસાર પોતાની ફરજમાં બેદરકારી બદલ આરપીએફના એક સબ ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે સાથે અન્ય છ કોન્સ્ટેબલોને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

## દેશમાં ગૌહત્યા અટકાવવા કાયદો જરૂરી : ભાગવત

### દિલ્હીમાં ભાગવતે સંવેદનશીલ મુદ્દો છેડ્યો : અલવરમાં કરવામાં આવેલી તથાકથિત ગૌભક્તો દ્વારા હત્યા મામલે સરકારને આડે હાથ લેતા સચિન પાયલોટ

નવીદિલ્હી, તા. ૯

આરએસએસના પ્રમુખ મોહન ભાગવતે ફરી એકવખત ગૌહત્યા જેવા અતિસંવેદનશીલ મુદ્દે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, સમગ્ર દેશમાં ગૌહત્યા પર પ્રતિબંધ મુકનારો કાયદો હોવો જોઈએ. ભાગવતે આ પ્રતિક્રિયા એ સમયે આપી છે કે જ્યારે દેશભરમાં ગૌરક્ષક દળો દ્વારા કરવામાં આવી રહેલી મારપીટ અને હંગામાઓને લઈને નાજુક પરિસ્થિતિ જોવા મળી રહી છે. સંઘ પ્રમુખે આજે દેશભરમાં ગૌહત્યા પર પ્રતિબંધ મુકવાના કાયદાની તરફેણ કરી છે. તેમણે કહ્યું કે, ગૌવધના નામ ઉપર કોઈપણ હિંસા ઉદ્દેશ્યને નુકસાન પહોંચાડે છે. કાયદો દરેક પરિસ્થિતિમાં પાલન થાય તેના માટે જરૂરી છે. ભાગવતે દિલ્હીમાં ભગવાન મહાવીરની જયંતિના અવસર ઉપર આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે, અમે દેશભરમાં ગૌવધ ઉપર રોક લગાવનાર એક કાયદાની ઈચ્છા રાખીએ છીએ. તેમણે કહ્યું કે, ગૌવધના નામ ઉપર કોઈપણ હિંસા એ એના મૂળ હેતુને

● અનુસંધાન પાન-૭ પર



મહાવીર જયંતિ - દેશભરમાં મહાવીર જયંતિની ઉજવણી ભારે ઉલ્લાસપૂર્વક કરાઈ હતી... નગરે - નગરે શોભાયાત્રાઓ યોજાઈ હતી... વ્યાખ્યાનો અને આંગીના કાર્યક્રમો યોજાયા હતા... જયપુર ખાતે નિકળેલી ભગવાન મહાવીરની ભવ્ય શોભાયાત્રામાં જૈન સમુદાયનો મોટો વર્ગ જોડાયો હતો...

## રૂપિયા ૧૦ના બધા સિક્કા માન્ય જ છે: આરબીઆઈ

### આ સિક્કાઓ લેવા કોઇ ઇન્કાર નહીં કરી શકે : ૧૦ સિક્કા ન સ્વીકારવા મામલે આઈપીસીની જોગવાઈ હેઠળ રાજદ્રોહનો કેસ થઇ શકે : આરબીઆઈની સ્પષ્ટતા

નવીદિલ્હી, તા. ૯

આરબીઆઈ દ્વારા દેશભરના અલગ અલગ રાજ્યો અને તેના શહેરોમાં રૂપિયા ૧૦ના સિક્કા બનાવટી હોવાની અફવા ચાલી રહી છે તેને લઈને સ્પષ્ટતા કરવામાં આવી છે કે અલગ અલગ ડિઝાઈનોમાં જોવા મળતા રૂપિયા ૧૦ના તમામ સિક્કાઓ એ ચલણમાં માન્ય છે. આરબીઆઈ દ્વારા આ સ્પષ્ટતા એ સમયે કરવામાં આવી કે જ્યારે દેશભરમાંથી અલગ અલગ બેંકો દ્વારા પણ કેટલાક કિસ્સાઓમાં રૂપિયા ૧૦ના સિક્કાઓ લેવાનો ઈન્કાર કરવામાં આવ્યો હોવાની



ફરિયાદો છેક આરબીઆઈ સુધી પહોંચી તે સમયે આરબીઆઈ તરફથી આજે વધુ એક વખત સ્પષ્ટતા કરવામાં આવી છે કે, આરબીઆઈએ કહ્યું છે કે, આરબીઆઈ દ્વારા અલગ અલગ ડિઝાઈનોમાં ૧૦ના સિક્કા બહાર પાડવામાં આવ્યા છે. બેંકનું કહેવું છે કે, શેરાવાલીના ફોટાવાળા સિક્કા, સંસદની તસ્વીરવાળા સિક્કા, વચ્ચે ૧૦ લખેલા સિક્કા, હોમીભાભાની તસ્વીરવાળા સિક્કા, મહાત્મા ગાંધીની તસ્વીરવાળા સિક્કા સહિત અન્ય તમામ સિક્કાઓ આજે પણ ચલણમાં માન્ય છે.

## ત્રણ દેશોએ સંયુક્ત ઓપરેશન કરી વેપારી જહાજ બચાવ્યું

### એડનની ખાડીમાં લૂંટારાઓના સકંજામાંથી : ભારત, પાકિસ્તાન, ચીન ઉપરાંત ઇટાલીના પણ નૌસૈનિકોને ભયસૂચક સિગ્નલ મળતા તાત્કાલિક પહોંચ્યા

નવીદિલ્હી, તા. ૯

ભારત-ચીન અને પાકિસ્તાન ત્રણેય રાષ્ટ્રો વચ્ચે ભલે અલગ અલગ મુદ્દાઓ ઉપર મતભેદો જોવા મળી રહ્યા હોય. આમ છતાં આ ત્રણેય દેશોના નૌસેનાએ એદનની ખાડીમાં સમુદ્રી ડાકુઓ દ્વારા અપહરણ કરવામાં આવેલા એક વેપારી યુદ્ધ જહાજને બચાવી લીધું છે. આ ઘટના શનિવાર મધ્યરાત્રિની છે. આ અંગે ભારતીય નૌસેના દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર તુવાલાનું એક વેપારી જહાજ મલેશિયાના કેલાંગથી યમન તરફ જઈ રહ્યું હતું જ્યારે તે યમન પોર્ટ પર પહોંચ્યું તે સમયે એદનની ખાડીમાં સમુદ્રી ડાકુઓએ આ વેપારી જહાજને હાઈજેક કરી લીધું હતું. આ વિસ્તારમાં આ પ્રકારનો હુમલો

● અનુસંધાન પાન-૭ પર

## પાક ચીનને ગધેડાની નિકાસ કરશે

### એક ગધેડો પાકિસ્તાનને ૨૦૦૦૦ કમાઈ આપશે : ચીનમાં ગધેડાની વસતી ૬૦ લાખ પર પહોંચતા દવાની બનાવટમાં જિલેટીન માટે ગધેડાની ચીનને વ્યાપક જરૂર

નવીદિલ્હી, તા. ૯

ભારતના બે પડોશી દેશો પાકિસ્તાન અને ચીન વચ્ચે ઘણા સારા સંબંધો રહ્યા છે. હવે આ સંબંધોને મજબૂતી આપવાનું કામ ગધેડાઓ કરશે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચીનમાં ગધેડાની ખાલનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. જેને લઈને પાકિસ્તાને એવો નિર્ણય કર્યો છે કે, પાકિસ્તાનના ગધેડા તે હવે ચીનમાં વેચશે જેને લઈને પાકિસ્તાનને ઘણો નફો થાય એમ છે. ગધેડાની ખાલમાંથી નિકળતું જિલેટીન અનેક પ્રકારની મોંઘી તૈયાર થતી દવાઓની બનાવટમાં ઉપયોગમાં લેવામાં આવે છે. પાકિસ્તાન દ્વારા ચીનને ગધેડાની નિકાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. યોજના મુજબ ખબૈર પુખ્તુ ચાઈના સસ્ટેનેબલ ડોન્કી ડેવલપમેન્ટ પ્રોગ્રામ એવું નામ આપવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત પાકિસ્તાન ચીનને ગધેડાની નિકાસ કરશે.

### માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબને નમ્ર નિવેદન

### ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા અધિક મદદનીશ ઈજનેરની જગા માટેની નોકરીમાં શારીરીક વિકલાંગ ઉમેદવારને અન્યાય થવા બાબત

માનનીય સાહેબ શ્રી, નમસ્કાર

હાલમાં તાજેતરમાં ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા અધિક મદદનીશ ઈજનેરની જગા માટે સ્પર્ધાત્મક પરિક્ષા લેવાયેલી. તેમાં મારા એટલે કે રબારી ગૌતમભાઈ વિરમભાઈ ના ૪૮.૭૦૦ માર્કસ હતા. હું લોકોમોટર ડિસેબીલીટી (એક હાથની અપંગતા) ધરાવું છું. જેનું પ્રમાણ ૮૦% છે. મારી ડિસેબીલીટી ૭૫% કરતા વધુ હોઈ મને નિમણુંક માટે લાયક ગણેલ નથી. મારા કરતા ઓછા માર્કસ ધરાવનાર પાંચ ઉમેદવારને નિમણુંક પત્ર આપવા ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે બોલાવેલ છે.

મારી શારીરીક અપંગતા ૮૦% હોઈ મને નિમણુંક ન મળે તેમ જણાવતાં આ અંગે અમોએ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઈ વિભાગનો રૂબરૂ સંપર્ક કરેલ ત્યારે જાણવા મળેલ છે કે આ અંગે ભારત સરકારની તથા ગુજરાત સરકારની સ્પષ્ટ સૂચનાઓ છે કે જેમાં લોકોમોટર ડિસેબીલીટી ૭૫% કરતા વધુ હોય તો નિમણુંક ન મળી શકે તેવી કોઈ સૂચના નથી. જેથી મને બોર્ડ દ્વારા નિમણુંક ન અપાતા અન્યાય થયેલ છે. આ અંગે પંચાયત બોર્ડની કોઈ ગેરસમજ થતી હોય તેમ લાગે છે.

આ બાબતે તમામને નિમણુંક પત્ર વિતરણ કરવા તારીખ : ૧૦.૦૫.૨૦૧૭ ના રોજ મહાત્મા મંદીર ગાંધીનગર ખાતે કાર્યક્રમ ગોઠવેલ છે. જેમાં મને અન્યાય કરી બોલાવેલ નથી. જે કાયદાની દ્રષ્ટિએ યોગ્ય નથી. તો કૃપા કરી મને મારી ન્યાયિક નિમણુંક અપાવવા મહેરબાની કરશોજી.

રબારી ગૌતમભાઈ વિરમભાઈ, એ-૪૫, સોમનાથ સોસાયટી, નોબલ નગર, નરોડા, અમદાવાદ. મો. ૭૦૪૩૨૯૬૦૬૪









